### પ્રતાપનગર બ્રિજ નીચે કોર્પોરેશનની વેઠ સામે આવી

# પાણીની લાઈનમાં ટ્રક ખાબકી, ટ્રાફિકજામ

**સિમેન્ટની થેલીઓ ખાલી કરી ક્રેન વડે ટ્રક બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ**



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬ વડોદરામાં પાલિકા તંત્રની ઘોર બેદરકારી અને નબળા કામકાજનો વધુ એક તાજો નમૂનો સામે આવ્યો છે. શહેરના પ્રતાપનગર બ્રિજ નીચે આવેલા નવગ્રહ મંદિર પાસે થોડા દિવસો પહેલા જ પાણીની નવી પાઈપલાઈન નાખવાનું કામ કરવામાં આવ્યું હતું. જોકે, આ કામગીરી બાદ યોગ્ય પુરાણ અને રીપેરિંગ ન કરાતા આજે સવારના સમયે જ એક મોટો અકસ્માત સર્જાતા રહી ગયો હતો. સિમેન્ટની થેલીઓથી ભરેલી એક ભારેખમ ટ્રક આ જ નવગ્રહ મંદિર પાસે નવી નંખાયેલી પાણીની લાઈન વાળી જગ્યા પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક માટી બેસી જતાં ટ્રકના પૈડાં ઊંડા ખાડામાં ફસાઈ ગયા હતા અને આખી ટ્રક એક તરફ નમી પડી હતી. ઘટના સવારના વ્યસ્ત સમયે જ બની હોવાના કારણે પ્રતાપનગર બ્રિજ નીચે અને આસપાસના વિસ્તારમાં ભારે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. સિમેન્ટ ભરેલી ટ્રક રસ્તાની વચ્ચે જ ફસડાઈ પડતાં વાહનવ્યવહાર પૂર્વવત કરવો મુશ્કેલ બન્યો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. ટ્રાફિક હળવો કરવા અને ફસાયેલી ટ્રકને ખાડામાંથી સલામત રીતે બહાર કાઢવા માટે તાત્કાલિક કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ટ્રકનું વજન ઓછું કરવાના ભાગરૂપે તેમાં ભરેલી સિમેન્ટની થેલીઓને એક પછી એક ખાલી કરીને બીજી જગ્યાએ ખસેડવામાં આવી હતી. ત્યારબાદ ક્રેન અને અન્ય સાધનોની મદદથી ટ્રકને ખાડામાંથી બહાર કાઢવાની કવાયત હાથ ધરવામાં આવી છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે પાલિકા દ્વારા પાણીની લાઈન નાખ્યા બાદ ખાડો યોગ્ય રીતે પૂરવામાં આવતો નથી અને માત્ર માટી નાખીને કામ પૂરું કરી દેવાય છે. જેના કારણે થોડા જ દિવસોમાં રસ્તો બેસી જાય છે અને આ પ્રકારના બનાવો બને છે.

સદ્‌નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ જો કોઈ દ્વિચક્રી વાહનચાલક આ ખાડામાં ખાબક્યો હોત તો મોટો અકસ્માત સર્જાઈ શક્યો હોત. વહીવટી તંત્ર દ્વારા આવી વેઠ ઉતારવાની નીતિ બંધ કરી તાત્કાલિક ધોરણે રસ્તાનું યોગ્ય સમારકામ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### વડોદરા પોલીસને ખુલ્લો પડકાર

# હરણી-વારસીયા રિંગ રોડ મીરા ચાર રસ્તા પર ચાલુ ગાડીએ દારૂની મહેફિલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬ ગુજરાતમાં કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે સંસ્કારી નગરી વડોદરામાંથી કાયદો અને વ્યવસ્થાની ધજાગ્રતા ઉડાડતો એક અત્યંત ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા મીરા ચાર રસ્તા વિસ્તાર પાસેથી પસાર થતી એક ચાલુ ગાડીમાં કેટલાક યુવકો દ્વારા બેફામ ડ્રાઈવિંગ કરવાની સાથેસાથે જાહેરમાં દારૂનું સેવન કરવામાં આવી રહ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘૃણાસ્પદ કૃત્યનો વીડિયો મોબાઈલમાં કેદ થતાં જ વડોદરાના નાગરિકોમાં ભારે રોષ અને આક્રોશ ફેલાઈ ગયો છે. મીરા ચાર રસ્તા જેવા ગીચ અને વાહનોની સતત અવરજવર વાળા માર્ગ પર આ વાહનચાલકો કોઈના ડર વગર બેફામ ગતિએ ગાડી ચલાવી રહ્યા હતા. ગાડીની અંદર સવાર શખ્સો કાયદા




કાનૂનને નેવે મૂકીને ચાલુ વાહને નશો કરી રહ્યા હોવાનું સ્પષ્ટપણે વીડિયોમાં નજરે પડે છે. આ પ્રકારે જોખમી સ્ટંટ અને બેફામ ડ્રાઈવિંગ માત્ર ગાડીમાં બેઠેલા લોકો માટે જ નહીં, પરંતુ રસ્તા પર ચાલતા અન્ય નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકોના જીવ માટે પણ મોટું જોખમ ઊભું કરી રહ્યું હતું. આ વીડિયો જોઈને સામાન્ય જનતામાં તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. લોકો સવાલ કરી રહ્યા છે કે જો પોલીસ પેટ્રોલીંગ અને ટ્રાફિક વ્યવસ્થા આટલી ચુસ્ત હોવાનો દાવો કરતી હોય, તો આવા અસામાજિક તત્વો બેફામ બનીને ખુલ્લેઆમ કાયદાની કેવી રીતે ધજાગી ઉડાવી શકે? સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકો દ્વારા આ યુવકો સામે કડકમાં કડક ફોજદારી પગલાં લેવામાં આવે તેવી ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે. ઘટનાના વીડિયો સામે આવતા જ પોલીસ વિભાગ પણ હરકતમાં આવ્યું છે. ટ્રાફિક અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વાયરલ વીડિયોના આધારે ગાડીના નંબર અને તેમાં સવાર શખ્સોની ઓળખ કરવાનું ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. જો કે, આ ઘટનાએ ફરી એકવાર રાત્રે કે ભીડભાડવાળા વિસ્તારોમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવામાં પોલીસ તંત્રની નિષ્ક્રિયતા સામે મોટા સવાલો ખડા કરી દીધા છે.

### અસામાજિક તત્વોએ લુખ્ખી દાદાગીરી

# ગોત્રીના ઓધવપુરા યુવક મંડળના આયોજકો પર હુમલો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26 વડોદરા શહેરમાં ગણેશોત્સવની ઉજવણી વચ્ચે ગોત્રી નંદાલય પાસે આવેલા ઓધવપુરા યુવક મંડળના આયોજકો સાથે હુમલાની ઘટના સામે આવતા ચકચાર મચી છે. મળતી માહિતી મુજબ કેટલાક અસામાજિક તત્વો દ્વારા મંડળના સ્થળે આવી લુખ્ખી દાદાગીરી કરવામાં આવી હતી અને આયોજકોને અપશબ્દો બોલ્યા હતા. મંડળના આક્ષેપ મુજબ ગાળો બોલ્યા બાદ અસામાજિક તત્વોએ આયોજકો પર હુમલો કર્યો હતો. અચાનક થયેલા હુમલાથી મંડળમાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાને પગલે ગણેશ મંડળના આયોજકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. આયોજકોનું કહેવું છે કે આવા લુખ્ખા તત્વોના કારણે જ ગણેશ મંડળોનું નામ બદનામ થાય છે. તહેવારના માહોલમાં આવી દાદાગીરી સાંખી નહીં લેવાય. મંડળ દ્વારા અસામાજિક તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટના નજીકના CCTV કેમેરામાં કેદ થઈ હોવાનું સામે આવ્યું છે. જેના આધારે પોલીસ દ્વારા વધુ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# ખંડેરાવ માર્કેટ પાસે જાહેરમાં મારામારી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26 વડોદરા શહેરના મધ્યમાં આવેલા અને સૌથી વ્યસ્ત એવા ખંડેરાવ માર્કેટ પાસે સાંજના સમયે જાહેરમાં મારામારીની ઘટના બની હતી. બે જૂથ વચ્ચે થયેલી આ બોલાચાલી જોતજોતામાં મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. મારામારીના વીડિયોમાં કેટલાક યુવકો એકબીજા પર હુમલો કરતા સ્પષ્ટ નજરે પડ્યા હતા. ઘટના બાદ વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બજારમાં ખરીદી કરવા આવેલા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને થોડીવાર માટે તંગદિલી જોવા મળી હતી, જેના કારણે ટ્રાફિક પણ અટવાયો હતો. વીડિયો વાયરલ થતાં જ રાવપુરા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી અને ટોળાને વિખેરી નાખ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ મારામારી કોઈ જૂની અદાવત કે સામાન્ય બાબતે થઈ હોવાનું સામે આવી રહ્યું છે.

### હરણી એરપોર્ટ સર્કલથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી બોલેરો ઝડપાઈ

# ગણપતિ વિસર્જનના બંદોબસ્ત વચ્ચે રૂ.૯.૯૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**રાજસ્થાનનો** ડ્રાઇવર ઝડપાયો, બૂટલેગર સહિત ત્રણ વોન્ટેડ



(પ્રતિનિધિ) વડોદરા, તા.26 ગણેશ વિસર્જનને પગલે શહેરમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો ત્યારે બીજી તરફ દારૂની હેરાફેરી કરનારા તત્વો સક્રિય હોવાનું સામે આવ્યું છે. ઝોન-4 વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર કાર્યવાહી કરવા મળેલી સૂચનાના આધારે એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હરણી એરપોર્ટ સર્કલ નજીક સફેદ રંગની બંધ બોડી મહીન્દ્રા બોલેરો પીકઅપમાં દારૂ-બિયરનો જથ્થો ભરી એરફોર્સ બ્રિજથી ગોલ્ડન ચોકડી બ્રિજ તરફ જવાનો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે ગોલ્ડન ચોકડી બ્રિજના ચઢવાના કટ પાસે વોચ ગોઠવી હતી. રાત્રે આશરે 10:15 વાગ્યે બાતમીવાળી બોલેરો આવતાં પોલીસે તેને કોર્ડન કરી અટકાવી હતી. વાહન ચલાવતા શખ્સની પૂછપરછમાં તેનું નામ ભાગીરથ સોનારામ ગોડ (ઉં.44), રહે. નોખડા, બાડમેર, રાજસ્થાન હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બોલેરોના પાછળના ભાગે તપાસ કરતાં ખાલી પ્લાસ્ટિકના કેરેટ પાછળ દારૂના શીલબંધ બોક્સ સંતાડેલા મળી આવ્યા હતા. બોક્સ ખોલતાં વિદેશી દારૂના ક્વાર્ટર અને બિયરના ટીનનો મોટો જથ્થો મળી આવ્યો હતો. એલસીબી 2,880 ક્વાર્ટર રૂ.4.56 લાખ અને 3,600 બિયરના ટીન રૂ.5.40 લાખ, મળી હ રૂ.9.96 લાખનો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો હતો. આ ઉપરાંત રૂ.4 હજારનો મોબાઈલ અને રૂ.5 લાખની બોલેરો મળી રૂ.15 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં એમપીના કહેવાતા શેઠ દ્વારા દારૂનો જથ્થો ભરાવી આપ્યો હોવાની વિગતો સામે આવી છે. રાજસ્થાનના ડ્રાઈવર ભાગીરથ ગોડની ધરપકડ કરી અન્ય આરોપીઓને ઝડપી પાડવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

### અભયમની સમજાવટ બાદ પતિએ ભૂલ સ્વીકારી

# પરસ્ત્રીના પ્રેમમાં પત્નીને ત્રાસ આપતા પતિદેવને કાયદાના પાઠ ભણાવાયા

CALL 181 મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

(પ્રતિનિધિ) વડોદરા, તા.26 છેલ્લા છ મહિનાથી પતિ નોકરી કરતા નહીં હોવાના કારણે ઘરનો આર્થિક ખર્ચ ખોરવાયો હતો. દરમિયાન પતિ બે દીકરીઓના પૈસા તથા સોનાની ચેન જાણ કર્યા વગર લઈ જતા રહ્યા હોવાનો આક્ષેપ પત્નીએ કર્યો હતો. એટલું જ નહીં, પતિ સાથે અવારનવાર ઝઘડા થતા હોવા ઉપરાંત પતિના અન્ય મહિલા સાથે સંબંધ હોવાની જાણ થતાં માનસિક ત્રાસ અનુભવાતો હોય મહિલાએ અભયમ 181ની મદદ લીધી હતી. બાપોદ લોકેશન પરથી પહોંચેલી 181ની ટીમ સમક્ષ મહિલાએ જણાવ્યું હતું કે, પતિ છેલ્લા છ માસથી નોકરી કરતા નથી. ઘરેથી જાણ કર્યા વગર દીકરીઓના પૈસા અને સોનાની ચેન લઈ જતા રહ્યા હતા. આ અંગે પૂછતાં પતિ પૈસા અને સોનું પરત આપવાના વાયદા કરતા હતા, પરંતુ આર્થિક સમસ્યાના કારણે દીકરીઓની ફી ભરવામાં પણ મુશ્કેલી પડી રહી હતી. પતિ બહારની અન્ય મહિલા સાથે સંબંધ ધરાવતા હોવાની જાણ થતાં તેઓ મને હેરાન કરતા હોવાનો પણ મહિલાએ આક્ષેપ કર્યો હતો. અભયમ ટીમે મહિલા અને તેના પતિનું કાઉન્સેલિંગ કરી સમજાવ્યું હતું કે, પત્નીને વિશ્વાસમાં લઈને આર્થિક મુશ્કેલી અંગે વાત કરવી જરૂરી હતી. કાઉન્સેલિંગ દરમિયાન પતિએ પોતાની ભૂલ સ્વીકારી પત્નીને પૈસા અને સોનું પરત આપવાની બાંહેધરી આપી હતી. સાથે જ અન્ય મહિલા સાથે કોઈ સંબંધ ન હોવાનું જણાવી પત્નીને વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ મહિલાનો શંકા-વહેમ દૂર થયો હતો. બંને સાથે રહેવા ઈચ્છુક હોવાથી અભયમ ટીમે બંને વચ્ચે સમાધાન કરાવી મામલો થાળે પાડ્યો હતો.

### પરિણીતાએ ફિનાઇલ પીધા બાદ નસ કાપી નાંખી

# દહેજના રૂપિયા ૧૦ લાખ માટે ત્રાસ આપતા પરિણીતાએ મોત વહાલુ કર્યું

**તારા બાપને** હાર્ટએટેક લાવી દઈશ કહી સસરાએ ધમકાવ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26 કચ્છના દેશલપર ગામે રહેતા સચિન સોનીની બહેન કોમલના લગ્ન 28 જાન્યુઆરી 2023ના રોજ વડોદરાના આકાશ જયપ્રકાશ કંસારા સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન કોમલને દીકરી દિવિશાનો જન્મ થયો હતો. ફરિયાદ મુજબ, દીકરીના જન્મ બાદ સાસરીયાઓ ખુશ ન હતા અને છોકરીનો ખર્ચ કોણ ઉપાડશે? સહિતના મેણા-ટોણા મારી પિયરમાંથી રૂ.10 લાખ લાવી આપવા દબાણ કરતા હોવાનો આક્ષેપ છે.

કોમલે પરિવારજનોને પતિ અને સાસરીયાઓ દ્વારા મારઝૂડ તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની વાત કરી હતી. આશરે પાંચ મહિના અગાઉ બાથરૂમના રિપેરિંગ દરમિયાન થયેલી બાબતે સસરા સાથે ઝઘડો થતાં તારા બાપના ઘરે મોકલી દઈશ તારા બાપને હાર્ટએટેક લાવી દઈશ અને તારો ભાઈ તને તેડી જાય તેવી ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

મોબાઈલ રિપેર કરાવવાની બાબતે પણ ઝઘડો અને મારઝૂડ થયાની વાત કોમલે ભાઈને કરી હતી. દરમિયાન 15 સપ્ટેમ્બરની રાત્રે કોમલે ભાઈને ફોન કરી પોતે ગર્ભવતી હોવાની શક્યતા અંગે કરાવેલા રિપોર્ટ બાદ ભારે તણાવમાં હોવાનું જણાવ્યું હતું. પતિ સાથે વાતચીત ન થતી હોવાની પણ તેણે ફરિયાદ કરી હતી. ત્યારબાદ રાત્રે આશરે સાડા દસ વાગ્યે આકાશકુમારે ફોન કરી કોમલે વડોદરાના ઘરે ફિનાઈલ પી લીધી હોવાનું પરિવારને જણાવ્યું હતું. પરિવારજનો વડોદરા પહોંચ્યા ત્યારે કોમલ સવિતા હોસ્પિટલના આઈસીયુમાં બેભાન હાલતમાં સારવાર હેઠળ હતી. તેના ડાબા હાથ પર ચપ્પુથી ઈજા થયેલી હોવાનું પણ જણાયું હતું. તે સમયે ઘરસંસાર ન બગડે તે હેતુથી પરિવારજનોએ ફરિયાદ કરી નહોતી.

જોકે, 24 સપ્ટેમ્બરની રાત્રે સારવાર દરમિયાન કોમલનું મોત થતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. આ અંગે મૃતકના ભાઈ સચિન સોનીએ આકાશ જયપ્રકાશ કંસારા, જયપ્રકાશ કંસારા અને અનિલાબેન કંસારા સામે દહેજના રૂ.10 લાખની માગણી, શારીરિક-માનસિક ત્રાસ, મારઝૂડ, ધમકી તથા આત્મહત્યા માટે મજબૂર કરતા હોવાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે પતિ સહિત સાસરીયા સ્વામી આત્મહત્યા કરવા દુષ્પ્રેરણાનો ગુનો નોધ્યો છે.

### નશામાં બસ ચલાવતા ડ્રાઈવરને પોલીસે ઝડપી પાડ્યો

# એસટી બસના ડ્રાઈવરે નશામાં ગાડી હંકારતાં જીવ પડીકે બંધાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.26 મુસાફરો ભરેલી એસટી બસ દારૂના નશામાં ધૂત થઈ ડ્રાઈવર ચલાવતો જણાતા લોકોના જીવ પડીકે બંધાઈ ગયા હતા. 112 કંટ્રોલ રૂમમાં મળેલા કોલના આધારે કપુરાઈ પોલીસ અમેરિકન સ્કૂલ પાસે પહોંચી હતી. જ્યાં બસ રોકી તપાસ કરતાં ડ્રાઈવર નશાની હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે ચાલક સામે પીધેલા નો કેસ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના આજવા ચોકડીથી સિકંદરપુરા તરફ જતા રોડ પર અમેરિકન સ્કૂલ સામે જંબુસર-વડોદરા રૂટની એસટી બસ દારૂના નશામાં હંકારતા ડ્રાઈવરને કપુરાઈ પોલીસે ઝડપી પાડ્યો હતો. 112 કંટ્રોલ રૂમમાં કોલ મળ્યા બાદ પોલીસ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને જીએસઆરટીસીની બસ નં. GJ-18-Z-8801 રોકી તપાસ હાથ ધરી હતી. પોલીસે બસના ચાલકની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ લાલાભાઈ લક્ષ્મણભાઈ બારીઆ ( રહે. પરમપુર, તા. લુણાવાડા, જી. મહીસાગર) હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમિયાન તેના મોઢામાંથી દારૂની વાસ આવતી હોય તેમજ જીભ તોતડાતી હોવાનું તેમજ ચાલતી વખતે લથડિયા ખાતો હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું હતું. તેની આંખો પણ નશાના કારણે લાલચોળ જણાઈ હતી. પોલીસે તપાસ કરતા આરોપી પાણીગેટ ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હોવાનું પણ સામે આવ્યું હતું.

મુસાફરોને લઈને એસટી બસ હંકારતા ડ્રાઈવર સામે કપુરાઈ પોલીસે પીધેલાનો કેસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ૧૦થી વધુ રિક્ષા ચાલકોને ૫૦ હજારથી વધુનું નુકસાન

# તુલસીવાડીમાં અસામાજિક તત્વોનો આતંક, રિક્ષાઓને બ્લેડ મારી નુકસાન





(પ્રતિનિધિ) વડોદરા, તા.26 વડોદરા શહેરના તુલસીવાડી સંજયનગર વિસ્તારમાં અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. છેલ્લા 10 થી 15 દિવસથી પાર્ક કરેલી રિક્ષાઓને નિશાન બનાવી બ્લેડ મારી નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. વિસ્તારમાં 10થી વધુ રિક્ષાઓમાં હૂડ, સાઈડ પડદા, સીટ કવરમાં બ્લેડ મારી ફાડી નાખવામાં આવ્યા છે. એટલું જ નહીં, રિક્ષાની અંદર ઘૂસી વાયરિંગ પણ કાપી નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. રાત્રીના સમયે પાર્ક કરેલી રિક્ષાઓને ખાસ ટાર્ગેટ કરવામાં આવી રહી હોવાનું રિક્ષાચાલકો જણાવી રહ્યા છે. એક રિક્ષા દીઠ આશરે પાંચ હજાર રૂપિયા સુધીનું નુકસાન થયું છે. કુલ 10થી વધુ રિક્ષાઓનું નુકસાન 50 હજાર રૂપિયાને પાર પહોંચ્યું છે. ગરીબ રિક્ષાચાલકો માટે આ નુકસાન મોટો ફટકો સમાન છે. રોજગારીનું સાધન બંધ થતા પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. સતત બનતી આ ઘટનાથી રિક્ષાચાલકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. આખરે તમામ ભોગ બનનાર રિક્ષાચાલકો એકઠા થઈ કુંભારવાડા પોલીસ મથકે પહોંચ્યા હતા અને લેખિત ફરિયાદ નોંધાવી અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### ન્યાયમંદિર નજીક મ્યુઝિક કોલેજ પાસે બનેલી ઘટના

# શ્રીજી વિસર્જન યાત્રામાં યુવતીના વાળ જનરેટરમાં ફસાતા ઈજા

**ફતેપુરા** વિસ્તારની યુવતીને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડાઈ રાવપુરા પોલીસે નોંધ કરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬ શહેરમાં બાપ્પાના વિસર્જન ટાણે એક હ્રદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. ન્યાયમંદિર નજીક આવેલી મ્યુઝિક કોલેજ પાસેથી પસાર થઈ રહેલી શ્રીજી વિસર્જનની યાત્રામાં ટેમ્પા પર સવાર એક યુવતીના લાંબા વાળ અચાનક જનરેટરમાં ફસાઈ જતા તે ઈજાગ્રસ્ત થઈ હતી. અચાનક બનેલી આ ઘટનાથી થોડીવાર માટે યાત્રામાં દોડધામ મચી ગઈ હતી. ફતેપુરા રાણાવાસ વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય મોનિકાબેન દીપકભાઈ રાણા ગત બપોરે દોઢ વાગ્યાના સુમારે શ્રીજી વિસર્જનની ધાર્મિક યાત્રામાં ઉત્સાહભેર જોડાઈને ટેમ્પામાં સવાર થઈને જઈ રહ્યા હતા. યાત્રા જ્યારે ન્યાયમંદિર પાસે આવેલી મ્યુઝિક કોલેજ નજીક પહોંચી, ત્યારે ટેમ્પામાં ચાલુ રહેલા જનરેટરની અડફેટે અકસ્માતે મોનિકાબેનના લાંબા વાળ આવી ગયા હતા. જનરેટરની ગતિ વધુ હોવાને કારણે મોનિકાબેનના વાળ પળભરમાં તેમાં ફસાઈ ગયા હતા, જેના લીધે તેમને ઈજાઓ પહોંચી હતી.

ઘટનાને પગલે આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ તેમને છોડાવ્યા હતા. ઈજાગ્રસ્ત મોનિકાબેનને તાત્કાલિક ધોરણે સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. આ બનાવ અંગે રાવપુરા પોલીસ સ્ટેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસ દ્વારા આ ઘટનાને લઈને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

### પૂરઝડપે દોડતી કારે મોટરસાઇકલને ટક્કર મારતા યુવક રોડ પર ફંગોળાયો

# સાવલી-પોઈચા રોડ પર વેરાઈ માતાના મંદિર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો

**કાર સાથેની** ટક્કરમાં મોટરસાઇકલ સવાર યુવક ગંભીર રીતે ઇજાગ્રસ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬ સાવલી-પોઇચા મુખ્ય માર્ગ પર આવેલ વેરાઈ માતાના મંદિર નજીક આજે એક ગંભીર અકસ્માત સર્જાવાની ઘટના સામે આવી છે. પૂરઝડપે દોડી રહેલી એક કાર અને મોટરસાઈકલ વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાતા સ્થાનિક વિસ્તારમાં ભારે હડકંપ મચી ગયો હતો. આ અકસ્માતમાં મોટરસાઈકલ પર સવાર એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલ યુવક આણંદ જિલ્લાના સિલી ગામનો રહેવાસી છે અને તેનું નામ વિક્રમભાઈ ચૌહાણ તથા તેની ઉંમર વર્ષ ૪૫




હોવાનું બહાર આવ્યું છે. બપોરના સુમારે બનેલી આ ઘટનામાં કાર સાથેની ભીષણ ટક્કરને કારણે મોટરસાઈકલ સવાર યુવક રોડ પર ફંગોળાઈ ગયો હતો અને તેને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. માનવતા દાખવીને તાત્કાલિક ઈમરજન્સી સેવા '૧૦૮' નો સંપર્ક કરવામાં આવ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા ત્વરિત ધોરણે ઈજાગ્રસ્ત વિક્રમ ચૌહાણને પ્રાથમિક સારવારાર્થે સાવલીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, યુવકની તબીબી સ્થિતિ વધુ ગંભીર જણાતા સાવલી હોસ્પિટલના તબીબો દ્વારા તેને વધુ અને ઉચ્ચત્તર સારવાર માટે વડોદરા સરકારી હોસ્પિટલ ખાતે રેફર કરવામાં આવ્યો હતો. હાલ વડોદરા ખાતે તેની સારવાર ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતના પગલે સાવલી-પોઈચા રોડ પર થોડા સમય માટે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ સાવલી પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને ટ્રાફિક ક્લીયર કરાવ્યો હતો અને વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો.

### ગણપતિ વિસર્જન બાદ થયેલી તકરાર ઉગ્ર બની

# વાઘોડિયા રોડ પર બોલાચાલી બાદ યુવક પર ચાકુથી હુમલો

**સરકારી** હોસ્પિટલમાં સારવાર ન મળતા ઈજાગ્રસ્તને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૬ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા કરતી એક ઘટના સામે આવી છે, જેમાં નારાયણ ચોકડીથી વાઘોડિયા રોડ પર ડીમાર્ટ તરફ જતા મુખ્ય માર્ગ પર સામાન્ય બોલાચાલી અને તકરારની અદાવતમાં એક યુવક પર ઘાતક હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, કબીરનગરમાં રહેતા જયપ્રકાશ વૈજનાથ કેવટ અને અન્ય યુવકો વચ્ચે થયેલી તકરાર બાદ મામલો વધુ ઉગ્ર બન્યો હતો અને બહારથી શખ્સોને બોલાવવામાં આવ્યા હતા. પરિવારજનોના આક્ષેપ મુજબ ગાજરાવાડીમાં રહેતા આકાશ અને સન્ની નામના યુવકોએ તેમના સાગરીતો સાથે મળીને જયપ્રકાશ પર ચાકુથી હુમલો કર્યો હતો, જેમાં જયપ્રકાશ સહિત અન્ય ત્રણ યુવકોને ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત જયપ્રકાશને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં સમયસર યોગ્ય સારવાર ન મળવાને કારણે તેમને પાણીગેટ વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.

આ અંગે પરિવારજનો દ્વારા પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે ફરિયાદના આધારે આકાશ તથા સન્ની નામના બે યુવકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે પરિવાર દ્વારા આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી કડક પગલાં લેવાની માંગ કરવામાં આવી રહી છે.

# ફરી વરસાદનો રાઉન્ડ આવશે, ઓક્ટોબર સુધી માવઠાની આગાહી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26 રાજ્યમાં ચોમાસાની વિદાય વચ્ચે ફરી એકવાર વરસાદી માહોલ સર્જાવાની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાંતોના જણાવ્યા મુજબ સપ્ટેમ્બરના અંતિમ દિવસોમાં અને ઓક્ટોબરમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને તોફાની પવન સાથે વરસાદ પડી શકે છે. 27 સપ્ટેમ્બરથી હસ્ત નક્ષત્ર શરૂ થતું હોવાથી 27થી 29 સપ્ટેમ્બર દરમિયાન છૂટોછવાયો વરસાદ અને વીજળી પડવાની શક્યતા છે, જેથી સાવચેતી રાખવા સૂચન કરાયું છે. સ્થાનિક હવામાન વિભાગ મુજબ ગત 24 કલાકમાં વડોદરામાં મહત્તમ તાપમાન 33.2 ડિગ્રી અને લઘુત્તમ 25.6 ડિગ્રી નોંધાયું હતું. વરસાદ નિલ રહ્યો હતો. આજથી 28 સપ્ટેમ્બર દરમિયાન સામાન્ય વાદળછાયું વાતાવરણ રહેશે, જ્યારે 29 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર દરમિયાન ગાજવીજ સાથે વરસાદ કે ધૂળની ડમરીની શક્યતા છે.